**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

B/107, Harmu Housing Colony, P. O. Doranda,
P. S. Argora, Ranchi - 834 012
Ph. : 0651-2244144

<u>અખબારી યાદી</u>

# સરકાર દ્વારા યુ.આઇ.ડી. પ્રોજેક્ટના ત્રીજા તબક્કા માટે રૂા. ૮,૮૧૪.૭૫ કરોડ મંજૂર

## સાંસદ પરિમલ નથવાણીને યોજના મંત્રાલયનો રાજ્ય સભામાં ઉત્તર

**એપ્રિલ ૨૬, ૨૦૧૨ :** *સરકારે યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઇંડિયા (યુ.આઇ.ડી.એ.આઇ.) પ્રોજેક્ટના ત્રીજા તબક્કા માટે માર્ચ ૨૦૧૭ સુધી રૂા. ૮,૮૧૪.૭૫ કરોડની ધનરાશિ મંજૂર કરી છે. આ ધનરાશિમાં બીજા તબક્કા માટે મંજૂર કરાયેલી રૂા. ૩,૦૨૩.૦૧ કરોડની રકમ પણ સામેલ છે. આજે રાજ્ય સભામાં કેન્દ્રના યોજના, વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી ડૉ. અશ્વિની કુમારે શ્રી પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી હતી.*

*શ્રી નથવાણી જાણવા માગતા હતા કે શું આયોજન પંચ યુ.આઇ.ડી. પ્રોજેક્ટ વિષે કોઈ અન્ય અભિપ્રાય ધરાવે છે. તેને નકારતાં મંત્રીશ્રીએ એવું પણ કહ્યું કે સરકારે ૪૦ કરોડ વધારાના રહીશોના નામાંકન માટેનો મેન્ડેટ આપ્યો છે અને તે માટે બજેટ કાર્યવાહી શરૂ કરવાની મંજૂરી પણ આપી છે.*

*મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે મંજૂર કરવામાં આવેલા વધારાના નામાંકન મેન્ડેટમાં વચનબદ્ધ કાર્યો પૂરાં કરવા માટે વર્ષ ૨૦૧૨-૧૩ માટે યુ.આઇ.ડી.એ.આઇ.ને રૂા. ૧,૭૫૮ કરોડની બજેટ ફાળવણી પૂરતી નહિ થાય. પરંતુ પ્રોજેક્ટની પ્રગતિને આધારે વધારાની ફાળવણી સંશોધિત બજેટ વખતે કરવામાં આવશે.*

*ડૉ. કુમારે સદનને એ પણ આશ્વાસન આપ્યું કે યુ.આઇ.ડી. પ્રોજેક્ટ ચાલુ રહેશે અને બારમી યોજનાની જોગવાઈઓમાં તેને પણ સ્થાન આપવામાં આવ્યું છે.*

★ ★ ★